# ગુજરાતમાં 4.34 કરોડ મતદારો નોંધાયા

**દોઢ** માસ ચાલેલી SIRની કામગીરીમાં 73.73 લાખ મતદારો દૂર કરાયા

**હવે** 18મી જાન્યુઆરી,2026 સુધીમાં મતદારો વાંધા-દાવા રજૂ કરી શકશે



- » અવસાન પામેલા મતદારો- 18,07,278
- » ગેરહાજર મતદારો- 9,69,662
- » કાયમી ધોરણે સ્થળાંતર કરી ચૂકેલા મતદારો- 40,25,553
- » બે જગ્યાએ નોંધાયેલા મતદારો- 3,81,470
- » અન્ય મતદારો - 1,89,364

**આ સ્થળેથી નામ છે કે નહીં તે ચકાસી શકાશે**

- » વેબસાઇટ http://ceo.gujarat.gov.in
- » વોટર પોર્ટલ : voters.eci.gov.in
- » ECINET App
- » BLO પાસેથી
- » જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી/ERO/AERO કચેરી ખાતેથી

ગાંધીનગર : કેન્દ્રિય ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) હાથ ધરવામાં આવી છે. ગત તા. 27 ઓક્ટોબર 2025થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશની સતત દોઢ માસ સુધી હાથ ધરવામાં આવેલી ગણતરીના તબક્કાની અસરકારક કામગીરી બાદ આજ રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

હવે તા.18મી જાન્યુઆરી,2026 સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધી જે કંઈ વાંધા-દાવા રજૂ કરવા માંગતા હોય તેઓ તે રજૂ કરી શકશે. ત્યારબાદ તા.10મી ફેબ્રુઆરી,2026 સુધીમાં ચૂંટણી અધિકારીઓ દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી તેના નિકાલની પણ સાથે સાથે કામગીરી હાથ ધરવામાં આવશે.

મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવાના પ્રસંગે આજે ગાંધીનગરમાં મુખ્ય ચૂંટણી અધિકારી હારીત શુક્લાએ જણાવ્યું હતું કે,

BLO દ્વારા સતત ડોર ટુ ડોર સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં અવસાન પામેલા, કાયમી ધોરણે સ્થળાંતર કરેલા તથા બે જગ્યાએ મતદાર તરીકે નોધાયેલા મતદારોને ઓળખવામાં આવ્યાં હતાં.મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થયા પહેલા રાજ્યમાં કુલ 5,08,43,436 મતદાર નોંધાયેલા હતા.મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થયાં બાદ કુલ મતદારોની સંખ્યા 4,34,70,109 રહેવા પામી છે.એટલે કે, SIRની ઝંબેશ દરમિયાન કુલ 73,73,327 મતદારોના નામ મુસદ્દા મતદારયાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. મુસદ્દા મતદાર યાદી મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ http://ceo.gujarat.gov.in ઉપર પણ પ્રસિદ્ધ કરવામાં આવી છે.જેની ઉપર મતદારો પોતાની વિગતો ચકાસી શકે છે. .18મી ફેબ્રુઆરી, 2026 સુધીમાં જો કોઈ વાંધા-દાવા હોય તો નિયત પ્રક્રિયા અનુસરીને મતદારોને સહાયરૂપ બને. નિયત સમયમાં મળેલા વાંધા-દાવાઓ વિશે ચકાસણી કરીને સબંધીત ચૂંટણી અધિકારી દ્વારા મતદારને નોટીસ મોકલીને તેની રૂબરૂ રજૂઆત બાદ જ સ્પષ્ટ હુકમ મારફતે મતદાર યાદીમાં નામ દાખલ કરવા કે ન કરવા અંગે નિર્ણય જાહેર કરવામાં આવશે.તા.1-1-2026ની લાયકાતની તારીખે 18 વર્ષ પુરા કરનાર યુવાનો ફોર્મ નં.6 ભરીને તેઓનું નામ આખરી મતદાર યાદી કે જે તા.17-2-2026ના રોજ પ્રસિદ્ધ થવાની છે તેમાં દાખલ કરાવી શકે છે.

# તારાપુરના રિંઝામાં સાબરમતી પર પુલ બનશે

**રૂ. 110** કરોડના ખર્ચે બ્રિજના નિર્માણને મુખ્યમંત્રીએ મંજૂરી આપી

ગાંધીનગર : રાજ્ય સરકારે આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના રિંઝા ગામ ખાતે સાબરમતી નદી પર નવા પુલનું રૂપિયા 110 કરોડના ખર્ચે નિર્માણ કરવાની મંજૂરી આપી છે. તારાપુર તાલુકાના રિંઝા, નભોઈ, પચેગામ અને દુગારી ગામોના લોકોએ સાબરમતી નદીનું વહેણ બદલાવાને કારણે ચોમાસામાં સામે કાંઠે જઈ શકાતું ન હોવાની તથા સંપર્ક વિહોણા થઈ જતા હોવાની રજૂઆત મુખ્યમંત્રી સમક્ષ કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ રજૂઆતનો સંવેદના પૂર્ણ પ્રતિસાદ આપતા ટુ લેન બ્રિજ સહિત પથ રેખા પર 4 કિ.મી.નો નવો રસ્તો બનાવવા જમીન સંપાદન, બાંધકામ પૂર્વે હાઈડ્રોલિક સર્વે, સોઈલ ઈન્વેસ્ટિગેશન અને આલેખન જેવી બાંધકામ પહેલાની પ્રવૃત્તિઓ સહિતના સંભવિત ખર્ચ માટે સમગ્રતયા 110 કરોડ રૂપિયા ફાળવવાની અનુમતિ આપી છે. ચોમાસા દરમિયાન નદીનું વહેણ બદલાવાથી સંપર્ક વિહોણા થઈ જતાં આ ગામોની વર્ષો જુની સમસ્યાનું નિવારણ આ પુલનું બાંધકામ પૂર્ણ થતાં આવી જશે અને વાહન વ્યવહાર તેમજ ખેત ઉદ્યોગ અને ઈઝ ઓફ લિવિંગ માટે આ પુલ આશિર્વાદ રૂપ બનશે.

# રાજ્યમાં બે દિવસ તાપમાન ઊંચું રહેવાની આગાહી

**11.2 ડિગ્રી** સાથે અમરેલી રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું

ગાંધીનગર : રાજ્યમાં આગામી 48 કલાક દરમિયાન રાજ્યમાં તાપમાનમાં વધારો થશે અને ઠંડી ઘટવાની છે. એટલે કે બે દિવસ માટે રાજ્યમાં ઠંડી ઘટેલી રહેશે. જ્યારે આજે શુક્રવારે અમરેલીમાં 11.2 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી હતી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર અને કચ્છમાં સામાન્ય કરતાં ઊંચુ તાપમાન નોંધાવવા પામ્યુ છે. અમરેલીમાં ઠંડીની અસર વર્તાઈ રહી છે. આજે પણ સતત બીજા દિવસે રાજ્યની સૌથી વધુ ઠંડી 11.2 ડિ.સે. અમરેલીમાં જ નોંધાવવા પામી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ , રાજ્યમાં આગામી 48 કલાક દરમિયાન 2થી 3 ડિગ્રી જેટલી ઠંડી ઘટશે અને તાપમાન વધવાનું છે. રાજ્યના વિવિધ શહેરોમાં ગરમીનો પારો સરેરાશ 30 થી 33 ડિ.સે..ની આસપાસ રહ્યો હતો. હવામાન વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે રાજ્યના અન્ય શહેરો પૈકી ભૂજમાં 16 ડિ.સે.,નલિયામાં 15 ડિ.સે.,કંડલા પોર્ટ પર 17 ડિ.સે.,કંડલા એરપોર્ટ પર 14 ડિ.સે., અમરેલી 11 ડિ.સે., ભાવનગરમાં 14 ડિ.સે.,રાજકોટમાં 15 ડિ.સે.,સુરેન્દ્રનગરમાં 15 ડિ.સે.,મહુવામાં 13 ડિ.સે., અમદાવાદમાં 14 ડિ.સે.,ડીસામાં 14 ડિ.સે., ગાંધીનગરમાં 13 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 15 ડિ.સે.,વડોદરામાં 11 ડિ.સે.,અને સુરતમાં 18 ડિ.સે. અને દમણમાં 13 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

# ડિંડોલીમાં તસ્કરો બેફામ, ચાર બંધ ઘરમાંથી ચોરી

સુરતઃ ડિંડોલીમાં નવાગામ સ્થિત નંદનવન ટાઉનશીપમાં મોડી રાત્રિએ તસ્કરોએ બંધ મકાનોને નિશાન બનાવી ચાર ઘરના તાળા તોડી ઘરફોડ ચોરીને અંજામ આપતા રહીશોમાં ભયનો માહોલ સર્જાયો છે. એક મકાનમાંથી લાખોની મત્તાની ચોરી થઈ હતી. ડિંડોલી વિસ્તારમાં આવેલા નવાગામ સ્થિત નંદનવન ટાઉનશીપમાં 13 ડિસેમ્બર 2025ની મધરાત બાદ અજાણ્યા તસ્કરોએ સોસાયટીમાં આવેલા ચાર અલગ અલગ બંધ મકાનોના દરવાજાના નકુચા તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. નંદનવન ટાઉનશીપમાં રહેતા પ્રિતેશ કિશોરચંદ્ર બાગરાવાલાએ આ અંગે ડિંડોલી પોલીસમથકે ફરિયાદ નોંધાવી છે. તેમના ઘરમાંથી તસ્કરો કબાટમાં રાખેલા રોકડા રૂપિયા અંદાજે 70 હજાર ઉપરાંત સોનાની બેચેઈન, સોનાની વીંટી, બુટ્ટી તેમજ ચાંદીના દાગીના મળી કુલ રૂ. 2.78 લાખની મત્તા લઈને ફરાર થઈ ગયા હતા. આ ઘટનાથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે પ્રિતેશભાઈના મકાન સિવાય તસ્કરોએ સોસાયટીના અન્ય ત્રણ મકાન ઘર નં. B-91, B-96 અને B-88 ના દરવાજાના નકુચા પણ તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. જોકે, આ ત્રણ મકાનમાંથી કેટલી મતાની ચોરી થઈ છે તે અંગે હજી સુધી સ્પષ્ટ માહિતી સામે આવી નથી.

# શરીફ ઉસ્માન હાદીની હત્યાથી ભારત-બાંગલા દેશના સંબંધો બગડી જશે?



ગયા વર્ષના વિદ્યાર્થી આંદોલનમાં સામેલ બાંગલા દેશના વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીના મૃત્યુ બાદ ગુરુવારે રાજધાની ઢાકાના અનેક વિસ્તારોમાં હિંસા ફાટી નીકળી હતી. તેમના મૃત્યુના સમાચારને કારણે ઢાકામાં ધાનમોન્ડી અને શાહબાગ સહિત અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શનો, તોડફોડ અને આગચંપી થઈ હતી. શરીફ ઉસ્માન હાદીની હત્યાથી બાંગલા દેશ અને ભારત વચ્ચેના સંબંધોમાં તણાવ આવ્યો છે. કેટલાંક બાંગલા દેશી નેતાઓ માને છે કે ઉસ્માન હાદીની હત્યામાં ભારતતરફી તત્ત્વોનો હાથ છે, કારણ કે તેમણે શેખ હસીનાના તખતાપલટમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. બાંગલા દેશી નેતાઓએ ભારત વિરુદ્ધ વિવાદાસ્પદ નિવેદનો આપ્યા બાદ બંને દેશો વચ્ચે તણાવ વધી ગયો છે. બાંગલા દેશની રાષ્ટ્રીય નાગરિક પાર્ટી (NCP)ના સધર્ન ચીફ ઓર્ગેનાઇઝર હસનત અબ્દુલ્લાએ ચેતવણી આપી હતી કે જો બાંગલા દેશ અસ્થિર થશે, તો ભારતના સેવન સિસ્ટર્સ ઉત્તરપૂર્વીય રાજ્યો અલગ થઈ જશે. તેમણે ભારતીય હાઈ કમિશનરને દેશમાંથી હાંકી કાઢવાની પણ માંગણી કરી હતી. આ નિવેદનથી બંને દેશો વચ્ચે પહેલાંથી જ નાજુક સંબંધો વધુ તણાવપૂર્ણ બન્યા હતા અને ભારત સરકારે દિલ્હીમાં બાંગલા દેશી રાજદૂતને બોલાવીને ભારતીય ઉચ્ચાયોગની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

ટુ ધ પોઇન્ટ — સમકિત શાહ

ગયા શુક્રવારે ઢાકામાં એક મસ્જિદમાંથી બહાર નીકળતી વખતે હાદીને ગોળી વાગી હતી. ગોળી તેમના માથામાં ઘૂસી જતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ પછી તેમને ૧૫ ડિસેમ્બરે સારવાર માટે સિંગાપોર લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ગુરુવારે હોસ્પિટલમાં તેમનું મૃત્યુ થયું હતું. બાંગલા દેશ નેશનાલિસ્ટ પાર્ટીના કાર્યકારી પ્રમુખ તારિક રહેમાન, જમાત-એ-ઇસ્લામી અને નેશનલ સિટીઝન્સ પાર્ટી સહિત વિવિધ પક્ષોના નેતાઓએ હાદીના મરણ પર શોક વ્યક્ત કર્યો છે. ગુરુવારે રાત્રે દેશના અન્ય ઘણા ભાગોમાં પણ દેખાવો અને વિરોધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઢાકાની અંદર અને બહાર અનેક જિલ્લાઓમાં ઉસ્માન હાદીનાં સમર્થકો અને વિવિધ રાજકીય અને વિદ્યાર્થી સંગઠનોના નેતાઓ અને કાર્યકરો રસ્તા પર ઊતરી આવ્યાં હતાં. ચિત્તાગોંગમાં ઘણી જગ્યાએ વિરોધ પ્રદર્શનો થયાં હતાં. ભારતીય સહાયક ઉચ્ચાયુક્તના નિવાસસ્થાન સામે મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી. સ્થાનિક પત્રકારોએ અહેવાલ આપ્યો હતો કે ભીડે ભારતના ઉચ્ચાયુક્ત પર પથ્થરમારો કર્યો હતો. આ ઉપરાંત અવામી લીગ સરકારના ભૂતપૂર્વ શિક્ષણપ્રધાન મોહિબુલ હસન ચૌધરી નૌફેલના ઘર પર તોડફોડ કરવામાં આવી હતી.

ગયા વર્ષે ઓગસ્ટમાં, શરીફ ઉસ્માન હાદી બાંગલા દેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના વિરુદ્ધ હિંસક વિદ્યાર્થી આંદોલનના અગ્રણી ચહેરાઓમાંના એક હતા. તેઓ શેખ હસીના વિરોધી ઇન્કલાબ મંચના સભ્ય હતા. તેઓ ફેબ્રુઆરીમાં યોજાનારી ચૂંટણી માટે સંભવિત ઉમેદવાર પણ હતા અને હુમલા સમયે ઢાકા મતવિસ્તાર માટે સ્વતંત્ર ઉમેદવાર તરીકે પ્રચાર કરી રહ્યા હતા. ગયા વર્ષે જુલાઈમાં બાંગલા દેશના વિદ્યાર્થી આંદોલન દરમિયાન ઇન્કલાબ મંચ ચર્ચામાં આવ્યું હતું. આ જૂથને એક કટ્ટરપંથી સંગઠન કહેવામાં આવે છે અને તે અવામી લીગને નબળા પાડવાના પ્રયાસોમાં મોખરે રહ્યું છે. વિદ્યાર્થી ચળવળમાં તેની ભૂમિકા હોવા છતાં યુનુસ સરકાર દ્વારા આ ફોરમનું વિસર્જન કરવામાં આવ્યું હતું અને ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

ગુરુવારે રાત દરમિયાન ઢાકામાં તોફાની ટોળાંએ અનેક સ્થળોએ હુમલો કર્યો હતો, જેમાં બે અગ્રણી બાંગલા દેશી અખબારોનાં કાર્યાલયોનો પણ સમાવેશ થાય છે. ગુરુવારે રાત્રે રાષ્ટ્રને સંબોધતાં બાંગલા દેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસે લોકોને ધીરજ રાખવા અને કોઈ પણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપવા અને ઉતાવળમાં નિર્ણયો ન લેવા અપીલ કરી હતી. જો કે, બાંગલા દેશની વચગાળાની સરકારનું ભારત પ્રત્યેનું વલણ બહુ નરમ નહોતું. બાંગલા દેશના વિદેશ મંત્રાલયના સલાહકાર મોહમ્મદ તૌહીદ હુસૈને ભારત પર ૧૯૭૧ના મુક્તિયુદ્ધમાં બાંગલા દેશના યોગદાનને સતત ઓછું કરવાનો આરોપ લગાવ્યો હતો. તૌહીદ હુસૈને કહ્યું કે બાંગલા દેશના સ્વતંત્રતા સેનાનીઓ વિના આ વિજય શક્ય ન હોત. ભારતીય રાજધાની દિલ્હીમાં પણ દિલ્હી અને ઢાકા વચ્ચેના સંબંધોનો માહોલ રાતોરાત બદલાઈ ગયો હતો.

મંગળવારે સાંજે દિલ્હીમાં બાંગ્લાદેશી હાઇ કમિશનરના આમંત્રણ પર બંને દેશો વચ્ચેની ઐતિહાસિક મિત્રતાની ઉજવણીના કાર્યક્રમમાં વર્તમાન અને ભૂતપૂર્વ ભારતીય રાજદ્વારીઓ, લશ્કરી અધિકારીઓ અને થિંક ટેન્કના સભ્યોએ હાજરી આપી હતી. બીજા જ દિવસે સવારે દિલ્હીએ બાંગલા દેશના હાઈ કમિશનરને સાઉથ બ્લોકમાં બોલાવ્યા હતા. જો કે ભારત સરકારે જણાવ્યું છે કે હાઈ કમિશનરને બોલાવવાનું મુખ્ય કારણ ઢાકામાં ભારતીય હાઈ કમિશનની આસપાસ કેટલાંક ઉગ્રવાદી જૂથો દ્વારા ઊભો થયેલો સુરક્ષા ખતરો હતો. મંત્રાલયના અધિકારીઓએ સંકેત આપ્યો છે કે તેની પાછળનું બીજું કારણ કેટલાંક બાંગલાદેશી રાજકારણીઓ દ્વારા તાજેતરમાં આપવામાં આવેલાં ઉશ્કેરણીજનક ભારત વિરોધી નિવેદનો હતાં. મંગળવારે રાત્રે દિલ્હીના ચાણક્યપુરીમાં બાંગલા દેશ હાઈ કમિશન સંકુલમાં આયોજીત વિજય દિવસ સમારોહમાં બાંગલા દેશ હાઈ કમિશનર રિયાઝ હમીદુલ્લાહે કહ્યું હતું કે ભારત સાથે બાંગલા દેશના સંબંધો ખરેખર ખૂબ જ ઊંડા અને બહુપક્ષીય છે અને સમૃદ્ધ ભૂતકાળની પૃષ્ઠભૂમિમાં તેમની પરસ્પર નિર્ભરતાને સમજવી મહત્ત્વપૂર્ણ છે. તેમણે આ સંબંધને કુદરતી સંબંધ ગણાવ્યો હતો અને ૧૯૭૧ના યુદ્ધમાં બાંગલા દેશની ધરતી પર સર્વોચ્ચ બલિદાન આપનારા ૧,૬૮૮ ભારતીય સૈનિકોને ઊંડી કૃતજ્ઞતા સાથે યાદ કર્યા હતા. આ કાર્યક્રમમાં બાંગલા દેશ મુક્તિયુદ્ધમાં ભાગ લેનારાં અનેક ભારતીય સૈનિકો, ભારતીય સેનાના નાયબ વડા લેફ્ટનન્ટ જનરલ રાકેશ કપૂર, ભારતીય વિદેશ મંત્રાલયમાં બાંગલા દેશ-મ્યાનમાર વિભાગના વડા બી. શ્યામ, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી મણિશંકર ઐયર, ઢાકામાં કામ કરનારા ચાર ભૂતપૂર્વ ભારતીય રાજદ્વારીઓ અને દિલ્હીના અનેક ટોચનાં પત્રકારો હાજર રહ્યાં હતાં. આ ઘટના પછી તરત જ, રિયાઝ હમીદુલ્લાહે સોશ્યલ મીડિયા પર લખ્યું કે બંને દેશોનાં લોકોની શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ ફક્ત પરસ્પર વિશ્વાસ, ગૌરવ, પ્રગતિ, સામાન્ય હિતો અને સહિયારાં મૂલ્યોના આધારે જ સુનિશ્ચિત કરી શકાય છે. પરંતુ રાત્રિ સુધીમાં, વિદેશ મંત્રાલયે હાઈ કમિશનર રિયાઝ હમીદુલ્લાહને સાઉથ બ્લોક બોલાવ્યા હતા.

ભારત સરકારે તેમને કહ્યું કે ભારત માને છે કે બાંગલા દેશમાં સુરક્ષાનું વાતાવરણ ઝડપથી બગડી રહ્યું છે અને તેઓ આ પરિસ્થિતિ અંગે ચિંતિત છે. ખાસ કરીને, તેમનું ધ્યાન એ હકીકત તરફ દોરવામાં આવ્યું હતું કે કોઈ ઉગ્રવાદી જૂથે ઢાકામાં ભારતીય હાઈ કમિશન માટે સુરક્ષા ખતરો ઊભો કરવાની યોજના બનાવી છે. સાઉથ બ્લોકમાં થયેલી બેઠક બાદ બાંગલા દેશ સરકાર તરફથી તાત્કાલિક કોઈ સત્તાવાર ટિપ્પણી કરવામાં આવી નથી, પરંતુ બાંગલા દેશનાં રાજદ્વારી સૂત્રોએ જણાવ્યું હતું કે ગયા સપ્તાહના અંતે દિલ્હી અને ઢાકા વચ્ચે શબ્દયુદ્ધ પછી સમન્સ સંપૂર્ણપણે અણધાર્યું નહોતું. અગાઉ રવિવારે બાંગલા દેશના વિદેશ મંત્રાલયે ઢાકામાં ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્માને બોલાવ્યા હતા અને દેશનાં પદભ્રષ્ટ વડાં પ્રધાન શેખ હસીનાના ભારતમાં રોકાણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે તેઓ બાંગલા દેશમાં આતંકવાદી પ્રવૃત્તિઓને ઉશ્કેરવાના પ્રયાસો અને આગામી રાષ્ટ્રીય ચૂંટણીઓને વિક્ષેપિત કરવાની તક પૂરી પાડી શકે છે. બાંગલા દેશમાં જુલાઈ ઓઇક્યા નામના સંગઠને બુધવારે ઢાકામાં ભારતીય હાઇ કમિશન તરફ કૂચનું આહ્વાન કર્યું હતું. તેનો ઉદ્દેશ હાઇ કમિશનની સામે વિરોધ રેલી યોજવાનો હતો. જો કે, તે જ દિવસે બપોરે બાંગલા દેશી પોલીસે બેરિકેડ ઊભા કર્યા હતા અને વિરોધીઓને અધવચ્ચે જ રોકી દીધા હતા. NCPના વરિષ્ઠ નેતા હસનત અબ્દુલ્લાએ થોડા દિવસો પહેલાં આરોપ લગાવ્યો હતો કે ઉસ્માન હાદીને ગોળી મારનારા બંદૂકધારીઓ ભારત ભાગી ગયા હશે. જો ભારત બાંગલા દેશનાં દુશ્મનોને તેની ધરતી પર આશ્રય આપશે, તો બાંગલા દેશ પણ ભારતવિરોધી શક્તિઓને આશ્રય આપશે અને સેવન સિસ્ટર્સને ભારતથી અલગ કરવાનો પ્રયાસ કરશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**બાંગલા દેશની રાષ્ટ્રીય નાગરિક પાર્ટીના સધર્ન ચીફ ઓર્ગેનાઇઝર હસનત અબ્દુલ્લાએ ચેતવણી આપી હતી કે જો બાંગલા દેશ અસ્થિર થશે તો ભારતની સેવન સિસ્ટર્સ પણ અલગ થઈ જશે**

## BUSINESS મિત્ર

**નિફ્ટી 25950ની ઉપર, રોકાણકારોએ રૂ. 5.42 લાખ કરોડની કમાણી કરી**

# સપ્તાહના છેલ્લા દિવસે સેન્સેક્સ 450 પોઇન્ટ વધ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 19:** ભારતીય શેરબજાર છેલ્લા ચાર દિવસથી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જે ઘટાડાનો દોર આજે સપ્તાહના છેલ્લા દિવસે બંધ રહ્યો હતો. રોકાણકારોએ વૈશ્વિક વિકાસ અને મુખ્ય આર્થિક ડેટા પર નજર રાખવાનું ચાલુ રાખ્યું હોવા છતાં વિદેશી રોકાણકારો પાસેથી નવેસરથી ખરીદી અને એશિયન બજારોના હકારાતમક સંકેતોના લીધે બજારનું સેન્ટિમેન્ટ ઉત્સાહિત રહ્યું હતું. અમેરિકન ડોલર સામે રૂપિયામાં ઉછાળો આવતા અને ભારત અને ઓમાન મુક્ત વેપાર કરાર પર 7સ્તાક્ષર થવાથી વધારાનો ટેકો મળ્યો હતો, જેણે બજારનો વિશ્વાસ વધુ વધાર્યો હતો. જેના લીધે નિફ્ટી 25950 પોઈન્ટની ઉપર બંધ રહ્યો હતો.

એનએસઈ પરના તમામ સેકટરો પોઝિટિવ રહ્યા હતા અને રિયલ્ટી, ઓટો અને હેલ્થકેર ઈન્ડેક્સ સૌથી વધુ વધારો થયો હતો. આજે લાર્જકેપ અને બ્રોડર માર્કેટમાં સુંદર પ્રદર્શન જોવા મળ્યું હતું અને રોકાણકારોની સંપત્તિમાં રૂ. 5.42 લાખ કરોડનો ઉછાળો જોવાયો હતો.

ભારત અને ઓમાને ગઈકાલે મસ્કતમાં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા, જે દ્વિપક્ષીય આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવાની દિશામાં એક મોટું પગલું છે. આ કરાર લગભગ તમામ માલ પરની ડ્યુટી દુર કરશે, જેમાં 98.08 ટકા ભારતીય નિકાસ લાઈન અને 77.79 ટકા ઓમાનની આયાતને આવરી લેવામાં આવશે, જે 2026ના પ્રથમ કવાર્ટરમાં અમલમમાં આવશે. જેની બજાર પર પોઝિટિવ અસર જોવા મળી હતી.

બીએસઈ સેન્સેક્સ 447.55 પોઈન્ટ એટલે કે 0.53 ટકા વધીને 84929.36 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 85067 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84734 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 150.85 પોઈન્ટ એટલે કે 0.58 ટકા ઉછળીને 25950 પોઈન્ટની સપાટી કુદાવીને 25966.40 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 2993 પોઈન્ટ સુધી ઉછળી હતી. જ્યારે નીચામાં 25880 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 156.35 પોઈન્ટ એટલે કે 0.27 ટકા વધીને 59069.20 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે આઈટીઆઈ લિ. 38.16 ગણા, બીએલએસ ઈન્ટરનેશનલ 9.92 ગણા, આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલ 5.42 ગણા, વોકહાર્ટ લિ. 4.33 ગણા અને ઓલા ઈલે. મોબીલીટી 3.13 ઘણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે આઈટીઆઈ લિ. 41.08 ગણા, જેબીએમ ઓટો 21.97 ગણા, બીએલએસ ઈન્ટરનેશનલ 13.28 ગણા, ટાટા એલેક્સી 10.65 ગણા અને જેકે ટાયર 7.97 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટનું સુંદર પ્રદર્શન જોવાયું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.26 ટકા વધ્યા હતા ને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 1.25 ટકા વધ્યા છે. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત જોવાઈ હતી. બીએસઈ પર 2734 શેરો વધ્યા હતા, જ્યારે 1432 શેરો ઘટ્યા હતા અને 180 શેરો યથાવત રહ્યા હતા.

રિયલ્ટી શેરોમાં વૃદ્ધિ જોવા મળી હતી. નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 1.67 ટકા વધ્યા હતા. જેમાં અનંતરાજ, ગોદરેજ પ્રોપર્ટીઝ, લોઢા ડેવલપર્સ, ફોનીક્સ મીલ્સ, શોભા, ડીએલએફ, પ્રેસ્ટીજ એસ્ટેટ, ઓબેરોય રિયલ્ટી અને સિગ્નેચર ગ્લોબલ ઈન્ડિયા સુધર્યા હતા.

વૈશ્વિક સ્તરે રોકાણકારોએ આર્થિક ડેટા અને સેન્ટ્રલ બેન્કના નિર્ણયોને પચાવીને યુરોપિયન બજારો સુધારા સાથે આગળ વધ્યા હતા. યુરોપિયન સેન્ટ્રલ બેન્કે વ્યાજદર યથાવત રાખ્યો હતો. તેવી જ રીતે નોર્વેની સેન્ટ્રલ બેન્કે 4 ટકા અને સ્વીડનની સેન્ટ્રલ બેન્કે પણ વ્યાજદર સ્થિર રાખ્યો હતો. જ્યારે બેન્ક ઓફ ઈગ્લેન્ડે વ્યાજદરમાં ઘટાડો કર્યો હતો.

### રૂપિયામાં જબરજસ્ત રીકવરી, 90ની નીચે

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 19:** કરન્સી બજારમાં રૂપિયામાં જબરજસ્ત રીકવરી જોવા મળી હતી અને રૂપિયો મજબૂત થઇને 90ની નીચે ઉતરી ગયો હતો. આરબીઆઇ દ્વારા ડોલર વેચવાનું ચાલુ રાખ્યું હતું અને તેના લીધે રૂપિયો વધુને વધુ મજબૂત થતો જોવા મળ્યો હતો. જેના પરિણામે આજે ડોલર 89 તરફ આગેકૂચ કરતો જોવા મળ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 99 પૈસા ઉછળીને 89.27ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.26ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 105.02, પાઉન્ડ 119.02, કેનેડિયન ડોલર 64.68, ઓસ્ટ્રેલિયન ડોલર 58.91, જાપાનીઝ યેન 0.5676 અને સીંગાપોરડ લર 69.20ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 89.26 રૂ. |
| યુરો | 105.02 રૂ. |
| પાઉન્ડ | 119.02 રૂ. |
| યેન | 0.5676 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 447.55 | 84929.36 |
| નિફ્ટી | 150.85 | 25966.40 |
| બેન્ક નિફ્ટી | 156.35 | 59069.20 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 3.71 | 901.70 |
| મેક્સ હેલ્થકેર | 2.60 | 1075.80 |
| બીઇએલ | 2.45 | 392.85 |
| પાવરગ્રીડ | 2.13 | 263.45 |
| ટીએમપીવી | 1.98 | 352.65 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 1.14 | 1642.40 |
| હિન્દાલ્કો | 0.55 | 852.00 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 0.24 | 1079.60 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 0.24 | 2159.90 |
| ICICI બેન્ક | 0.20 | 1354.10 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બીઇએલ | 2.37 | 392.75 |
| પાવરગ્રીડ | 2.25 | 263.70 |
| ટીએમપીવી | 1.98 | 352.75 |
| એશિયન પેઇન્ટસ | 1.41 | 2798.90 |
| રિલાયન્સ ઇન્ડ. | 1.34 | 165.10 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 1.14 | 1642.50 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 0.27 | 2159.50 |
| ICICI બેન્ક | 0.20 | 1354.15 |
| સન ફાર્મા | 0.02 | 1745.00 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૩ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૩ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૧૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૦૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૬૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૦ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૨૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૧૮ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૬ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૬૪૦૦ |
| તેજાબી સોનું | ૧૩૬૩૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૨૯૫૮૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૩૩૬૭૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૬૪૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૦૫૪૦૦ |
| ચાંદી સિક્કા | ૨૦૬૯૦૦ |

# 31 / 12 પહેલાં રીટર્ન ભરી દેજો. આખરી તારીખ નજીક છે

ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ

A.Y. 2025 - 26 ના ચાલુ આહારણી વર્ષે ઈન્કમટેક્ષ રીટર્ન ભરવાની તારીખ 16/9/2025 ( નોન-ઓડિટ ) અને 10/12/2025 ( ઓડિટ કેઈસો ) નીકળી ગઈ હોય અને રીટર્ન ભરાયુ નહિ હોય અને રીટર્ન ભરાયુ નહિ હોય તો હવે કલમ - 139 (5) અંતર્ગત મોડામાં મોડું રીટર્ન તા - 31/12/2025 સુધી ભરી શકાશે.

જો કે આ રીતના મોડું રીટર્ન ભરનારને કલમ - 235 મુજબના વ્યાજ ઉપરાંત કલમ - 235F અન્વયે 5000/- ની ફી ચૂકવવાની રહે છે. આ સંદર્ભે એવી સ્પષ્ટતા છે કે કરદાતાની કુલ આવક 5 લાખથી ઓછી હોય તો તેવા કેઈસોમાં આવી ભરવાની ફી 1000 રહેશે.

**નકુશાની અંગેના રીટર્ન**

ઈન્કમટેક્ષ કાયદાની કલમ - 139 (3) અન્વયે ધંધાકિય નુકશાની અથવા મૂડી - નુકશાનીના રીટર્ન સમયસર નહિ ભરાય તો આવી નુકશાની આગળ ખેંચી શકાય નહિ. કલમ - 80 મુજબ આવી નુકશાની ભવિષ્યની આવક સામે બાદ (સેટ - ઓફ ) મળશે નહિ. રીટર્ન સમય મર્યાદા એટલે ઓરીજીનલ રીટર્ન ભરવાની ડ્યુ ડેઈટ છે.

રીટર્ન રિવાઈઝડ ક્યારે થાય ?

ઓરીજીનલ રીટર્ન ભરવામાં ભૂલ થઈ હોય જેમ કે આવક બનાવવાની રહી ગઈ હોય, કલમ - 80c અને એ પ્રકારના ટેક્ષ લાભો બાદ માંગવાનું રહી ગયું હોય, વ્યક્તિગત માહિતીમાં કોઈક ભૂલ થઈ ગઈ હોય, ટેક્ષ ગણતરી, TDS/TCS મિસમેચના કેઈસોમાં રિવાઈઝડ રીટર્ન ભરી શકાશે.

કલમ - 139 (5) હેઠળ એવો સુધારો કરવામાં આવ્યો છે. કે 139 (1) મુજબ ઓરીજીનલ અને 139 (4) હેઠળ રીટર્નની ડ્યુ ડેઈટ પછી ભરાતા મોડા રીટર્ન પણ હવે રિવાઈઝડ થઈ શકે છે. પરંતુ મોડા ભરાતાં અને રિવાઈઝડ થતાં રીટર્ન 31/12 સુધી જ ભરી શકાય છે.

**આવકનું રીટર્ન ક્ષતિયુક્ત (defective) ક્યારે ગણાય?**

કલમ - 139 (9)ની સમજૂતિ મુજબ રીટર્ન ભરતી વખતે તમામ એનેક્ષેચર્સ, સ્ટેટમેન્ટ, ઓડિટ રીપોર્ટ, ટેક્ષ ક્લેઈમ, રેગ્યુલર ચોપડા રાખતા હોય તેઓએ નફા - નુકસાન ખાતા. સરવૈયા વિગેરે અને અંદાજીત આવકના કેઈસોમાં ધંધાના કુલ દેવાદારો, લેણદારો, સ્ટોક ઈન ટ્રેડ, રોકડ બેલેન્સ વિગેરે દર્શાવવા જરૂરી છે. ક્ષતિયુક્ત રીટર્ન સંબંધી એક અગત્યનો ફેરફાર એવો છેકે આવકવેરા રીટર્ન બીજી બધી રીતે યોગ્ય હોય પરતું માત્ર સેલ્ફ એસેસમેન્ટ ટેક્ષ અને ચૂકવવાપાત્ર વ્યાજ ન ભરાવાને કારણને ક્ષતિયુક્ત ગણાશે નહિ.

**એડવાન્સ ટેક્ષ**

કલમ - 211 અંતર્ગત તા - 15મી માર્ચનો છેલ્લો અને આખરી એડવાન્સ ટેક્ષનો હપ્તો નહિ ભરાઈ તો મોડામાં મોડું 31મી માર્ચ સુધીમાં એડવાન્સ ટેક્ષ ભરી દેવાથી કલમ - 234B રીટર્ન ભરતા સુધી લાગતા વ્યાજમાંથી બચી શકાશે એવી છૂટ આપી છે.

આવતા અંકમાં A.Y. 2026 - 27 થી આવકાર દાયક / એવી આવકની લીમીટ 12 લાખ સુધી કોઈ ટેક્ષ લાગતો નથી તે અંગે અને અપડેટેડ રીટર્ન યોજના અંગે વાત કરીશું.

# વોડાફોન આઇડિયાની પેટા કંપનીએ 3300 કરોડ એકત્ર કર્યાના અહેવાલે આઇડિયાએ રૂ. 12ને ટચ કર્યો

**બ્રોકરેજ** હાઉસીસ દ્વારા બાય રેટિંગ જાળવી રખાયું

મુંબઇ, તા. 19: ટેલિકોમ કંપનીવોડાફોન આઈડિયાનાશેરમાં આજે 6 ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. બીએસઇ પર શેરની કિંમત 12 રૂપિયાની ઉંચી સપાટીએ પહોંચી ગઇ હતી. જેનું મુખ્ય કારણ એ છે કે વોડાફોન આઈડિયાની સહાયક કંપની વીટીઆઇએલે 3300 કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. આ ફંડ એનસીડી દ્વારા હસ્તગત કરવામાં આવ્યું હતું.

એક દિવસ પહેલા વોડાફોન આઇડિયાએ સ્ટોક એક્સચેન્જને જણાવ્યું હતું કે વોડાફોન આઇડિયા ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડે અનલિસ્ટેડ, અનરેટેડ, સિક્યોર્ડ એનસીડી ઇશ્યૂ કરીને 3300 કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. મોટી એનબીએફસી, એફપીઆઇ અને ઓલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ સહિતના કેટલાક મોટા રોકાણકારોએ કંપનીના એનસીડીમાં અપેક્ષા કરતા વધુ રસ દાખવ્યો હતો.

વીટીઆઈએલ આ ઇશ્યૂમાંથી મળેલી આવકનો ઉપયોગ વોડાફોન આઇડિયાને બાકી લેણાં ચૂકવવા માટે કરશે. આ વોડાફોન આઈડિયાને તેના મૂડી ખર્ચને મજબૂત બનાવવામાં અને વ્યવસાયિક વૃદ્ધિને ટેકો આપવામાં મદદ કરશે. વોડાફોન આઈડિયાના સીઈઓ અભિજીત કિશોરે જણાવ્યું હતું કે મૂડી ખર્ચને ટેકો આપવા માટે લાંબા ગાળાનું દેવું વધારવા માટે બેંકો સાથે વાતચીત ચાલી રહી છે.